# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE
REACHING NATIONS

## સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVI | YEAR OF OUR LORD JESUS CHRIST, 2024 DECEMBER | NO: 10


### પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

લૂક ૧ : ૨૮ થી ૩૫

૨૮. દૂતે તેની પાસે આવીને કહ્યું કે, હે કૃપા પામેલી, સુખી રહે, પ્રભુ તારી સાથે છે.

૨૯. પણ એ વાત સાંભળીને તે ઘણી ગભરાઈ ને વિચાર કરવા લાગી કે, આ તે કઈ જાતની સલામ હશે!

૩૦. દૂતે તેને કહ્યું કે, હે મરિયમ, બી મા; કેમ કે તું દેવથી કૃપા પામી છે.

૩૧. જો, તને ગર્ભ રહેશે, ને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે.

૩૨. તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે; અને દેવ પ્રભુ તેને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે.

૩૩. તે યાકૂબના ઘર પર સર્વકાળ રાજ કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહિ.

૩૪. મરિયમે દૂતને કહ્યું કે, એ કેમ કરીને થશે? કેમ કે મેં કોઈ પુરુષને જાણ્યો નથી.

૩૫. દૂતે તેને ઉત્તર આપ્યો કે, પવિત્ર આત્મા તારા પર આવશે, ને પરાત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદન કરશે; માટે જે (તારાથી) જનમશે તે પવિત્ર, દેવનો દીકરો, કહેવાશે.

## ખ્રિસ્તમાં ઈશ્વરની શાંતિ !

### નાતાલની ખરી ભાવનાને સ્વીકારવી

THE PEACE OF GOD IN CHRIST! Embracing the True Spirit of Christmas!



*માનદ મુખ્ય સંપાદક રેવ. એન્જેલાઈન સેલ્વાકુમારી*



જ્યારે તહેવારોની મોસમ ખુલે છે, જગતને તહેવારોના ગતિશીલ જીવંત પ્રદર્શનો, ચમકતી તેજોમય રોશનીઓથી અને આનંદકારક કેરલ્સના ગીતોથી સજાવવામાં આવે છે. તેમ છતાં, આ ઉજવણીઓ વચ્ચે, માનવીય હૃદયમાં શાંતિ, સાજાપણાની અને આશાની તીવ્ર ઝંખના રહે છે. નાતાલ – ઈસુ ખ્રિસ્તના જન્મની ઉજવણી – શાંતિનો પરિવર્તનકારી સંદેશ પહોંચાડે છે જે પરંપરાગત ઉત્સવોના આકલનની બહાર છે. ખ્રિસ્ત દ્વારા, આપણે ફક્ત મોસમનો આનંદ જ નહિ, પણ એક ઊંડી, સ્થિર શાંતિ પણ શોધીએ છીએ જે પાપ, શરમ અને ખંડિત જગતની ચિંતાઓમાંથી સાજાપણું અને તારણ લાવે છે.

### ખ્રિસ્તના જન્મમાં શાંતિનો સંદેશ!

માથ્થી અને લૂકની સુવાર્તાઓમાં દર્શાવવામાં આવેલી નાતાલની વાત, માનવતા માટે આશાના નવા પ્રભાતનું સૂચન કરે છે. દૂતોએ ઘેટાંપાળકોને ઘોષણા કરી, "**પરમ ઉચ્ચામાં ઈશ્વરનો મહિમા થાઓ, અને પૃથ્વી પર જે માણસો વિષે તે પ્રસન્ન છે, તેઓને શાંતિ થાઓ!**" (લૂક ૨:૧૪). આ ઘોષણામાં, શાંતિ ખ્રિસ્તના જન્મના આનંદ સાથે અવિભાજ્ય

(અનુસંધાન પાન ૪ પર)




ઈકો ઓફ હીજ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ – સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે

* Please Subscribe and Share *

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

REACHING NATIONS

## *from your dearly beloved brother...*





### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF

Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

HON. MANAGING EDITOR

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER

Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.

ADMINISTRATION

Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD

Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.



EDITOR, PUBLISHER & PRINTER

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers



10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858
95661 31858

E.MAIL

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

YOUTUBE CHANNEL

Echo of His Call


**"જેઓ તેને વિનંતી કરે છે, જેઓ ખરા ભાવથી તેને વિનંતી કરે છે, તે સર્વની પાસે યહોવા છે." ગીતશાસ્ત્ર ૧૪૫:૧૮.**

ખ્રિસ્ત ઈસુમાં પ્રિય વહાલાઓ,

આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના સૌથી અદ્ભૂત નામમાં, જે બધા નામોથી પર છે, તેમના નામમાં તમને અભિવાદન કરવાનો આ અમારા માટે મોટો લહાવો છે !

હા, અમે પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપાથી સુરક્ષિત છીએ. પ્રભુએ તેમના સામર્થ્ય દ્વારા અમારા સહકાર્યકરોને સ્પર્શ કર્યો છે અને તેમને વિવિધ બિમારીઓ અને માનસિક પીડાઓમાંથી સાજા કર્યા છે.



*મહિલાઓ માટે ખાસ શિબિર*

ઈશ્વરની કૃપાથી અમે ૧૯મી ઓક્ટોબર ૨૦૨૪ના રોજ મહિલાઓ માટે એક ખાસ શિબિરનું આયોજન કર્યું હતું. અમારા મુખ્ય સંપાદક બહેન એન્જેલાઈન સેલ્વાકુમારીએ પ્રભુનો સંદેશો આપ્યો હતો. સભામાં હાજરી આપનાર મહિલાઓએ તેમના અંગત જીવનોમાં અને પારિવારિક જીવનોમાં ઈશ્વરના સાજાપણાંના સ્પર્શનો આનંદ માણ્યો હતો.



*મહાબલીપુરમમાં જોશુઆ વોરિયર્સ*

તેવી જ રીતે અમે ચેન્નઈથી લગભગ ૧૫૦ કિલોમીટર દૂર મહાબલીપુરમ નજીક એક શિબિર સ્થળ પર જોશુઆ વોરિયર્સ નામે ફક્ત પુરુષો માટેની એક દિવસીય વિશેષ શિબિર રાખી હતી. અમે અમારી પોતાની મિની બસો સાથે એક બસ ભાડે કરી હતી. આ શિબિરમાં ૭૦ પુરુષોએ ભાગ લીધો હતો. ખાસ વક્તાઓએ ઉપદેશો આપ્યા હતા. આ શિબિરમાં રમતગમતનો સમય, પ્રાર્થનાનો સમય, વહેંચવાનો સમય અને પ્રતિબદ્ધતાનો સમય સામેલ હતો. થોડા પાછા પડી ગયેલા માણસો આંસુ સહિત આગળ આવ્યા હતા અને ઈસુ ખ્રિસ્તને


Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ✿ BIBLECOR - Postal Courses (3 languages) ✿ Media Ministry ✿ Online Courses ✿ Theological Correspondence Courses (2 languages) ✿ Church Planting ✿ Nehemiah Bible Colleges ✿ Gospel Printing Press ✿ Great Commission Partners ✿ St. Paul's Matriculation School ✿ Crusades ✿ Community Development

તેમના જીવનો સમર્પિત કર્યા હતા. તેઓ ચર્ચમાં હાજરી આપશે અને તાત્કાલિક અસરથી સેવાકાર્યમાં ભાગ લેશે. અમે દરેકને સવારનો નાસ્તો, બપોરનું ભોજન, નાસ્તો અને ચા તેમજ વિનામૂલ્યે ટી-શર્ટ આપવાની વ્યવસ્થા કરી હતી. કૃપા કરીને તેમના માટે પ્રાર્થના કરશો.

તમારી જેમ, આપણા જીવતા અને પ્રેમાળ તારનાર ઈસુ ખ્રિસ્તના જન્મના અવસર પર આ મહિના દરમિયાન, અમે બધા સુવાર્તા કાર્યક્રમો ગોઠવવામાં વ્યસ્ત છીએ. આપણી ભેટો, ખોરાક, કપડાંઓ, ચર્ચના કાર્યક્રમો, બહાર જવાના કાર્યક્રમો વગેરે દ્વારા વણખેડાયેલા સમુદાયો સુધી પહોંચવાનો આ ઉત્તમ સમય છે. કૃપા કરીને અમારા બધા સાથી કાર્યકરોના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરશો.

અમે અમારા વહાલા ભાઈઓ અને બહેનોના ખૂબ આભારી છીએ કે જેમણે પ્રાર્થના અને સમર્થન દ્વારા ગયા વર્ષ, ૨૦૨૪ દરમિયાન અમને સમર્થન આપ્યું છે. આપણે સાક્ષી આપી શકીએ છીએ કે ભયંકર મુશ્કેલ સમયો દરમિયાન, ઈશ્વરે આપણને ડરવાની મંજૂરી આપી ન હતી કેમ કે તેઓ હંમેશા સાથે મુસાફરી કરી રહ્યા હતા. તેમની લાકડી તથા છડીએ આપણને સામર્થ્યવાન કર્યા છે અને આપણને દિલાસો આપ્યો છે. **''તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે.''** - ગીતશાસ્ત્ર ૨૩:૪. અમે આશા રાખીએ છીએ કે નવું વર્ષ તેમના બાળકો માટે એક મોટો આશીર્વાદ બની રહેશે.

અમે તમને ખૂબ પ્રેમ કરીએ છીએ, જેને માટે અમારી પાસે શબ્દો નથી અને તમારા માટે તેમજ તમારા વહાલાઓ માટે પ્રાર્થના કરીએ છીએ.

**''યહોવા તને આશીર્વાદ આપો, ને તારું રક્ષણ કરો; યહોવા પોતાના મુખનો પ્રકાશ તારા પર પાડો, ને તારા પર કૃપા કરો; યહોવા પોતાનું મુખ તારા પર ઉઠાવો, ને તને શાંતિ આપો.''** - ગણના ૬:૨૪-૨૬.

**અમે તમને નાતાલની શુભકામનાઓ અને ૨૦૨૫ના નવા વર્ષની શુભેચ્છા પાઠવીએ છીએ!**

ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો,


**પાળક એસ. સામ સેલ્વરાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858,
E.mail : sam@echoofhiscall.org


★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## કૃપા કરીને ધ્યાન આપો....

અમારા પાંચ મિનિટના **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**''એ સઘળાં સ્ત્રીઓ સહિત, તથા ઈસુની મા મરિયમ અને તેના ભાઈઓ એક ચિત્તે પ્રાર્થનામાં લાગુ રહેતાં હતાં.'' પ્રેરિતોનાં કૃત્યો ૧:૧૪.**

**અમે તમિલનાડુના દક્ષિણ જિલ્લાના ઈશ્વરભક્ત, ધાર્મિક લોકો સાથે મળીને પ્રાર્થના કરવા ઈચ્છા રાખીએ છીએ!**

## ઈશ્વરના બાળકોના માટે તથા વિશ્વ શાંતિને માટે છૂટકારાની પ્રાર્થના!

**સ્થળ: ઈકો ઓફ હિજ કોલ વિશ્વ શાંતિ પ્રાર્થના કેન્દ્ર**
અલ્વારકોઈલ જંક્શન, વાટ્ટામ રોડ,
ઈરાનીએલ-થુકાલાય મુખ્ય માર્ગ,
નેય્યોર પી.ઓ., કન્યાકુમારી, જીલ્લો-૬૨૯૮૦૨.

**સમય : ૧૩-૧૨-૨૦૨૪**
**બીજો શુક્રવાર**
**સવારે ૧૦ વાગેથી**
**બપોરે ૧૨ વાગે સુધી**



**પાળક એસ. સામ સેલ્વરાજ તેમના મિનિસ્ટ્રીયલના કાર્યકરો સાથે જોડાશે.**

પાળક એસ. સામ સેલ્વરાજનો જન્મ કન્યાકુમારી જિલ્લામાં થયો હતો અને તેઓને ઈશ્વરનું તેડું મળ્યું હતું હતો અને તેઓ છેલ્લા ૫૫ વર્ષથી ચેન્નાઈમાં તેમના મુખ્ય મથકમાં સાથે બહુવિધ મિનિસ્ટ્રીઓ ધરાવે છે.

ઈશ્વરના સાક્ષાત્કાર મુજબ, ઈશ્વરની ઈચ્છા મુજબ આ સભા દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૦.૦૦ વાગ્યે યોજવામાં આવશે. માંદા લોકો માટે પ્રાર્થના કરવામાં આવશે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત ચમત્કારો, અજાયબીઓ કરશે!

ઈશ્વરના બાળકો જેઓ ઈશ્વર દ્વારા સક્ષમ છે તેઓ જોડાઈ શકે છે. દૂર રહેતા અને આ પ્રાર્થના માટે બોજ ધરાવતા ઈશ્વરના બાળકો એક જ સમયે પોતપોતાના સ્થળોએથી પ્રાર્થના કરી શકે છે.

**વહીવટી સમિતિ: ઈકો ઓફ હિજ કોલ ● સેલ : ૯૮૪૧૨૭૧૮૫૮**

(પાન ૧થી આગળ...)

રીતે જોડાયેલી છે – માનવતાને ઈશ્વરની સાથે સમાધાન કરવામાં તેની ઊંડી અસરની ઝલક બતાવે છે.

યશાયાની ભવિષ્યવાણીએ આ સંદેશને સુંદર રીતે દર્શાવ્યો છે : **"કેમ કે આપણે સારુ છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે; તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે; અને તેને અદ્ભૂત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, ને શાંતિનો સરદાર, એ નામ આપવામાં આવશે."** યશાયા ૯:૬. શાંતિના સરદારનું શીર્ષક પાપ અને સંઘર્ષથી ગ્રસ્ત જગતમાં શાંતિ લાવવાના ઈસુના સેવાકાર્યને સમાવે છે.

## આપણી દોરવણી તરીકે ઈશ્વરની શાંતિ!

જીવનની અશાંત ક્ષણોમાં, ઈશ્વરની શાંતિ આપણા આત્માઓ માટે એક દોરવણી બની જાય છે. પાઉલ પ્રેરિત ફિલિપ્પીઓને પત્ર ૪:૬-૭માં લખે છે, **"કશાની ચિંતા ન કરો; પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિસહિત તમારી અરજો દેવને જણાવો. અને દેવની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હૃદયોની તથા મનોની સંભાળ રાખશે."** આ શાંતિ પરિવર્તનશીલ છે, જે જીવનના તોફાનો વચ્ચે સુરક્ષા અને શાંતિ પૂરી પાડે છે. ખ્રિસ્ત દ્વારા, આપણને ઈશ્વર સાથેના સંબંધમાં આમંત્રિત કરવામાં આવ્યા છે જે આપણને તેમની સતત હાજરી અને સંભાળની ખાતરી આપે છે. તહેવારોની મોસમ હોય કે અંગત દુઃખના સમયે, તેમની શાંતિ આપણને ઘેરી લે છે, જે આપણને યાદ અપાવે છે કે આપણે એકલા નથી.

## પાપ તથા શરમથી સ્વતંત્રતા, છૂટકારો!

નાતાલના સૌથી સામર્થ્યવાન સંદેશાઓમાંનો એક છે પાપ અને શરમમાંથી સ્વતંત્રતા, છૂટકારો મુક્તિ જે ઈસુ દ્વારા આપવામાં આવે છે. માનવતાનું ભંગિતપણું, પાપ અને અપરાધ દ્વારા ચિહ્નિત, ઘણીવાર અયોગ્યતા અને શરમની લાગણીઓમાં પરિણમે છે. ઈસુનો જન્મ ઉદ્ધારના હેતુ દ્વારા દૈવી હસ્તક્ષેપ દર્શાવે છે. ગાબ્રિયેલ દૂત મરિયમને ખાતરી આપે છે, કેમ કે ઈશ્વરને માટે કંઈપણ અશક્ય નહિ હોય. લૂક ૧:૩૭. મસીહનું આગમન માત્ર એક ચમત્કારિક ઘટના જ ન હતી પરંતુ ઈશ્વર અને માનવતા વચ્ચેના નવા કરારની શરૂઆત પણ હતી. માથ્થી ૧:૨૧ જાહેર કરે છે તેમ, ઈસુ આપણને આપણા પાપોથી તારવા, બચાવવા આવ્યા હતા : **"અને તેને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે."**

પાઉલ આ સંદેશને બળવત્તર કરે છે, જે રોમનોને પત્ર ૮:૧માં ઉત્કંટતાથી જણાવે છે કે **"એ માટે જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે દંડાજ્ઞા નથી."** આ ઘોષણા એક આશા અને સ્વતંત્રતાની છે. ઈસુએ આપણા પાપ અને શરમને વધસ્તંભ પર સહન કર્યા, માત્ર માફી આપીને નહિ પણ ઈશ્વરના વહાલા બાળકો તરીકે નવી ઓળખ પણ આપી હતી.

## ક્ષમાશીલતા, માફી આપવાનું સામર્થ્ય!

ઈશ્વરની શાંતિ આપણને ખ્રિસ્ત દ્વારા મળેલી ક્ષમાશીલતા, માફી સાથે ગહન રીતે જોડાયેલી છે. આ માફી પાપ અને શરમની સાંકળોને તોડી નાખે છે, જે આપણને નવી સ્વતંત્રતામાં ચાલવા દે છે. જેમ પાઉલ ક્લોસ્સીઓને પત્ર ૧:૧૩-૧૪માં લખે છે, **"તેણે અંધકારના અધિકારમાંથી આપણને છોડાવ્યા તથા પોતાના પ્રિય પુત્રના રાજ્યમાં આણ્યા. તેનામાં આપણને ઉદ્ધાર, એટલે પાપોની માફી છે."** આ સત્યને સ્વીકારવાથી આપણને ભૂતકાળના ભારમાંથી મુક્તિ મળે છે, અપરાધનો બોજ ઉઠાવી લેવામાં આવે છે અને વર્તમાનમાં સંપૂર્ણ રીતે જીવવા માટે આપણને સક્ષમ બનાવે છે. તેથી, નાતાલ, તે સ્વતંત્રતાની ઉજવણી બની જાય છે – આત્મવિશ્વાસ સાથે ઈશ્વરનો સંપર્ક કરવાની સ્વતંત્રતા, જે હવે આપણી ભૂતકાળની ભૂલો દ્વારા વ્યાખ્યાયિત થતી નથી.

## ભંગિત જગતમાં આશા!

ઉત્સવની રોશનીઓ અને આનંદી મેળાવડાઓ વચ્ચે, ઘણા લોકો ચુપચાપ ભંગિત થતા, ભ્રમણા અને નિરાશા સાથે ઝઝૂમી રહ્યા છે. રોજિંદા જીવનની કસોટીઓ – વણસેલા સંબંધો, હિંસાથી પ્રભાવિત સમુદાયો અને નુકસાનનું ભારે

(આગળ પાન ૬ પર...)

**"પવિત્ર ઉપવાસ કરો, ધાર્મિક સંમેલન ભરો, વડીલોને તથા દેશના સર્વ રહેવાસીઓને તમારા દેવ યહોવાના મંદિરમાં ભેગા કરો, ને યહોવાની આગળ વિનંતી કરો."** યોએલ ૧:૧૪.

## એક દિવસની ઉપવાસ સહિતની પ્રાર્થના!

**વિશ્વની મંડળીઓ તથા સમાજોમાં ધાર્મિક જાગૃતિ માટે**

**૧૪.૧૨.૨૦૨૪, ૨જો શનિવાર, સવારે ૯ થી સાંજે ૪ વાગે સુધી**

**ઈકો ઓફ હીઝ કોલ**

૧૦ મહોમ્મદ અબ્દુલ્લા, ૨જી ગલી, બેલ રોડ, ચેપોક, ચેન્નાઈ - ૬૦૦ ૦૦૫.ભારત

**ખાસ આમંત્રિત મહેમાનો**

**પ્રાર્થનાના અભિષેક સાથે ઈશ્વરના સેવકો!**

**અમે આપ સૌનું પ્રેમથી સ્વાગત કરીએ છીએ!**

**અમારા ઈકો ઓફ હીઝ કોલ યુટ્યુબ લાઈવ ટેલિકાસ્ટ પર અન્ય શહેરોમાંના અને પરદેશના વિશ્વાસીઓ આ પ્રાર્થનામાં ઑનલાઈન જોડાઈ શકે છે.**

**પાળક એસ. સામ સેલ્વ રાજ** **કમલ સેમસન, આગેવાન**

# મહાન આદેશના ભાગીદારો



વંહેચવું (ગલાતીઓને પત્ર 6:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ડિસેમ્બર ૨૦૨૪ થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**ડિસેમ્બર ૧૯ :** અમારા સર્વ સહસંપાદકો તથા તેમના કુટુંબો માટે.

**ડિસેમ્બર ૨૦ :** આપણા સુવાર્તા છાપખાનાની અને તેના કાર્યક્ષમ સ્ટાફની સતતની કામગીરીને માટે.

**ડિસેમ્બર ૨૧ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને તમામ પ્રકારની દુષ્ટ પરિબળોની સામે દૈવી રીતે સુરક્ષિત રાખવા માટે.

**ડિસેમ્બર ૨૨ :** અમારા મિશન કાર્યકરોની અતૂટ પ્રતિબદ્ધતાને માટે.

**ડિસેમ્બર ૨૩ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર ઈશ્વરની કૃપા તથા તેમની દયા માટે.

**ડિસેમ્બર ૨૪ :** અમારી મિનિસ્ટ્રીજના કાર્યકરોના પરિવારો પરના તેમના પુષ્કળ આશીર્વાદોને માટે.

**ડિસેમ્બર ૨૫ :** ઈસુ ખ્રિસ્તનો જન્મ, જગતના તારણહાર, જેઓ આપણ સર્વનો ઉદ્ધાર કરવા માટે આવ્યા હતા.

**ડિસેમ્બર ૨૬ :** આ વર્ષની અમારી નાતાલની સર્વ ઉજવણી પરના આશીર્વાદને માટે.

**ડિસેમ્બર ૨૭ :** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને અમારા **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમના** જરૂરિયાતમંદોની સેવામાં અસરકારક કાર્યને માટે.

**ડિસેમ્બર ૨૮ :** ૨૦૨૪ અને ૨૦૨૫ના વર્ષો દરમિયાન ભરાયેલ **ઇકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીઝની વિશેષ સભાઓ અને સેમિનારો પરના તેમના આશીર્વાદોને માટે.

**ડિસેમ્બર ૨૯ :** વર્ષ દરમિયાન ઈશ્વરના સેવકોને દૈવી સુરક્ષા સાથે આશીર્વાદિત કરવા માટે.

**ડિસેમ્બર ૩૦ :** આ વર્ષ દરમિયાન ખ્રિસ્તી સંસ્થાઓની સરળ અને ફળદાયી કામગીરીને માટે.

**ડિસેમ્બર ૩૧ :** ૨૦૨૪માં અમારી બધી જરૂરિયાતોને ચમત્કારિક રીતે પૂરી પાડવામાં આવી તે માટે.

**જાન્યુઆરી ૧ :** વિશ્વભરના તમામ વાચકો અને લોકોને તેમનુ માર્ગદર્શન અને આશીર્વાદો પૂરા પાડવા, અને આપણ સર્વને નવા વર્ષ ૨૦૨૫ તરફ દોરી રહ્યા છે, તે માટે.

**જાન્યુઆરી ૨ :** ૨૦૨૫ માટે નવા વચનોની ખાતરીઓને માટે, બધા ચર્ચો અને વિશ્વાસીને માટે આશા અને આશીર્વાદ લાવે, તે માટે.

**જાન્યુઆરી ૩ :** વર્ષ ૨૦૨૪માં તમામ ખ્રિસ્તી સંસ્થાઓ અને ચર્ચો પરના સતતના આશીર્વાદોને માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**જાન્યુઆરી ૪ :** વિશ્વભરમાં શાંતિ અને માનવતાની વૃદ્ધિ થાય તે માટે.

**જાન્યુઆરી ૫ :** વિશ્વભરના લોકોને નવા રોગો સામે રક્ષણ આપવા માટે અને સારા સ્વાસ્થ્યને માટે.

**જાન્યુઆરી ૬ :** દુષ્ટ પરિબળો સામે તમામ ચર્ચો પર દૈવી રક્ષણને માટે.

**જાન્યુઆરી ૭ :** વિશ્વના આગેવાનોને દૈવી જ્ઞાન દ્વારા માર્ગદર્શન પૂરું પાડવા માટે, બધા લોકોની સુખાકારી માટે કાર્ય કરે તે માટે.

**જાન્યુઆરી ૮ :** આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલના** તથા **નહેમ્યા બાઈબલ કોલેજના** આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમને** માટે .

**જાન્યુઆરી ૯ :** ૨૦૨૫ના વર્ષ દરમિયાન આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યો પર ઈશ્વરનો પરાક્રમી હાથ રહે તે માટે.

**જાન્યુઆરી ૧૦:** દેશો વચ્ચે શાંતિ અને આર્થિક સમૃદ્ધિ રહે તે માટે.

**જાન્યુઆરી ૧૧:** દરેક જગ્યાએ પરિવારોમાં સંવાદિતા રહે તે માટે.

**જાન્યુઆરી ૧૨:** આ મહિનામાં આપણી જરૂરિયાતો પૂરી પાડવાની ઈશ્વરની વ્યવસ્થાને માટે.

**જાન્યુઆરી ૧૩:** આપણા વડીલ પાળક તેમની આત્મકથા સફળતાપૂર્વક પૂર્ણ કરે તે માટે.

**જાન્યુઆરી ૧૪:** અમારા મિનિસ્ટ્રીજના વિસ્તરણ માટે અને વિશ્વભરમાં સુવાર્તાનો ફેલાવો થાય તે માટે.

**જાન્યુઆરી ૧૫:** જુવાનોમાં હિંસાનો અંત આવે તે માટે, અને તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થઈ શકે તે માટે.

**જાન્યુઆરી ૧૬:** ખ્રિસ્તીઓ ઈશ્વરના વચનને અનુસરે અને ખ્રિસ્ત જેવા સ્વભાવને દર્શાવે તે માટે.

**જાન્યુઆરી ૧૭:** અમારી સંસ્થા માટે યોગ્ય અને સમર્પિત કર્મચારીઓ મળી રહે તે માટે.

**જાન્યુઆરી ૧૮:** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર ઈશ્વરના આશીર્વાદોને માટે પ્રત્યેની.

*****

(પાન ૪ પરથી આગળ...)

દુઃખ – મોસમના આનંદને વાદળછાયું કરી શકે છે. આવા જગતમાં, ખ્રિસ્તનો જન્મ આશાની એક દ્રઢ દીવાદાંડી આપે છે.

ઈસુનું આગમન માનવતા પ્રત્યેની ઈશ્વરની અપરિવર્તનશીલ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. જગતના અજવાળા તરીકે, તે અંધકાર સામે પ્રકાશિત થઈને ચમકે છે. યોહાન ૮:૧૨ પુષ્ટિ કરે છે ૮:૧૨, **"ઈસુએ ફરી તેઓને કહ્યું કે, જગતનું અજવાળું હું છું; જે મારી પાછળ આવે છે, તે અંધકારમાં નહિ ચાલશે, પણ જીવનનું અજવાળું પામશે."** જીવન ભયંકર લાગે ત્યારે પણ આ અજવાળું આશા લાવે છે.

પ્રેરિત પાઉલ આપણને યાદ અપાવે છે કે આપણી આશા ખ્રિસ્તમાંના આપણા વિશ્વાસ પર આધારિત છે – એવી આશા જે વર્તમાન અને ભવિષ્ય બંનેને સ્પર્શે છે. રોમનોને પત્ર ૧૫:૧૩માં, તે પ્રાર્થના કરે છે, **"હવે દેવ કે, જેના પર તમે આશા રાખો છો, તે તમને વિશ્વાસ રાખવામાં અખંડ હર્ષ તથા શાંતિથી ભરપૂર કરો, જેથી પવિત્ર આત્માના સામર્થ્યથી તમારી આશા પુષ્કળ થાય."** જ્યારે આપણે આશા પર પ્રતિબિંબિત કરીએ છીએ જે ઈસુ આ નાતાલ પર લાવે છે, આપણને તે આશા અન્ય લોકો જેઓ પીડિત છે, તેમની સાથે વહેંચવા માટે કહેવામાં આવે છે, તેઓને ખાતરી આપવામાં આવે છે કે ખ્રિસ્તમાં આશ્વાસન, દિલાસો પ્રાપ્ત થઈ શકે છે.

## આશાહીન માટે આશા!

નાતાલનો સંદેશો આશાહીન, નિરાશાના બોજવાળા લોકો તરફ હાથ લંબાવે છે. ઘણા લોકો હારી ગયેલા અથવા હતાશાથી ઉભરાઈ ગયેલા એવો અનુભવ કરે છે, જીવનની મુશ્કેલીઓથી દબાયેલા હોય છે. છતાં યર્મિયા પ્રબોધક આ યાદ અપાવે છે કે : **"કેમ કે જે ઈરાદા હું તમારે વિષે રાખું છું તેઓને હું જાણું છું, એવું યહોવા કહે છે. એ ઈરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિ લગતા નહિ પણ શાંતિને લગતા છે."** યર્મિયા ૨૯:૧૧.

ઈસુ આ આશાને મૂર્તિમંત બનાવે છે. તેમનું જીવન અને ઉપદેશો વિસામો તથા ઉદ્દેશ્ય પૂરા પાડે છે, આપણને ખાતરી અપાવે છે કે આપણી પરિસ્થિતિઓ આપણી યોગ્યતા અથવા સંભવિતતાને વ્યાખ્યાયિત કરતા નથી. અર્થની ઝંખના ધરાવતા જગતમાં, નાતાલનો સંદેશ આપણને ઈસુમાં ભરોસો રાખવા અરજ કરે છે, જે જીવનની સૌથી અંધકારમય ક્ષણોમાં પણ આશા જગાડે છે.

## મુશ્કેલીગ્રસ્ત જગતમાં શાંતિના સરદાર તરીકે ઈસુ!

આપણું જગત અસંખ્ય પડકારોનો સામનો કરે છે – સંઘર્ષ, ગરીબી, અન્યાય અને વિભાજન. જ્યારે આપણે ખ્રિસ્તના જન્મની ઉજવણી કરીએ છીએ, ત્યારે આપણને યાદ આપવામાં આવે છે કે તેઓ આ સંઘર્ષોના હૃદયને સંબોધવા આવ્યા હતા. ઈસુ માત્ર શાંતિના વાહક જ નથી; તેઓ તેનો જ સાર છે, આપણને આપણા પોતાના જીવનોમાં શાંતિ, સલાહ કરાવનારાઓ તરીકે તેડવા માટે આવ્યા છે. માથ્થી ૫:૯ કહે છે, **"સલાહ કરાવનારાઓને ધન્ય છે; કેમ કે તેઓ દેવના દીકરા કહેવાશે."** તેમના સંપૂર્ણ સેવાકાર્ય દરમિયાન, ઈસુએ હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો સુધી પહોંચીને, વિરોધિઓની સાથે સમાધાન કરીને અને ભંગિત હૃદયવાળાઓને સાજાં કરીને શાંતિ સ્થાપવાનું ઉદાહરણ આપ્યું હતું. તેમનું ઉદાહરણ આપણને આપણા સંબંધો અને સમુદાયોમાં શાંતિ સ્થાપવા માટે સક્રિયપણે આગળ વધવા પ્રોત્સાહિત કરે છે.

## મંડળીની ભૂમિકા!

મંડળી મુશ્કેલીગ્રસ્ત જગતમાં ખ્રિસ્તની શાંતિ લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ખ્રિસ્તના શરીર તરીકે, આપણને ઈશ્વરના પ્રેમ અને કૃપાને વાસ્તવિક રીતે, મૂર્ત સ્વરૂપે પ્રગટ કરવા માટે તેડવામાં આવ્યા છે. એફેસીઓને પત્ર ૨:૧૪-૧૬માં, પાઉલ લખે છે, **"કેમ કે તે આપણું સમાધાન છે, તેણે બન્નેને એક કર્યું , અને આપણી વચ્ચેની આડી ભીંત પાડી નાખી છે...વેરને નાબૂદ કર્યું."**

આ ફકરો ભારપૂર્વક જણાવે છે કે ખ્રિસ્ત દ્વારા, અવરોધો દૂર થયા હતા અને એકતા સ્થાપિત થઈ હતી. વિભાજિત જગતમાં, માફી અને સમાધાનનું ઉદાહરણ આપતા મંડળી એ આશાની દીવાદાંડી હોવી જોઈએ. આપણી ક્રિયાઓ ખ્રિસ્ત જે શાંતિ પૂરી પાડે છે તેના માટે એક સામર્થ્યવાન નિવેદન બની જાય છે.

## ભય, ચિંતા અને હતાશામાંથી માનવીય હૃદયને સાજા કરે છે!

તહેવારોની મોસમ ઘણીવાર ઘણા લોકોને માટે ભય, ચિંતા અને હતાશાની

(આગળ પાન ૮ પર...)

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE
REACHING NATIONS

**નહેમ્યા બાઈબલ કોલેજો**
લાયકાત: ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ
**ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ**
પ્રવેશ માટે ઝડપ કરશો!
**ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા**
માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)

માન્યતા પ્રાપ્ત: છેલ્લા ૫૫ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા

સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્વારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)



# નિષ્ફળતાઓ સફળતાની સીડીઓ છે!

**ઈકો ઓફ હિઝ કોલ**ની શરૂઆતથી જ, અમારી મિનિસ્ટ્રીએ વ્યક્તિગત પ્રાર્થના, સમૂહ પ્રાર્થના, ઉપવાસ અને રાત્રિ પ્રાર્થનાઓ પર ખૂબ ભાર મૂક્યો છે. આ મિનિસ્ટ્રી માનવીયશક્તિ અથવા નાણાકીય શક્તિના બળ પર નહિ, પરંતુ પ્રાર્થનાના સામર્થ્ય પર બાંધવામાં આવી હતી.

અમુક સમયે, ઈશ્વર અમને પડકારવા માટે વિરોધી વ્યક્તિઓ લાવ્યા હતા, જ્યારે અન્ય સમયોએ, તેમણે મને સહાયક લોકોથી ઘેરી લીધો હતો. આ બધામાં, ઈશ્વર મને ચમત્કારિક રીતે દોરી લઈ ગયા હતા.

પાછું વળીને જોતા, મેં જોયું હતું કે જેઓ તેમને ઓળખતા ન હતા અને જેઓ અમારા સેવાકાર્યનો વિરોધ કરતા હતા, તેઓમાં પણ તેમણે મને કેવી રીતે માર્ગદર્શન આપ્યું, તેમ છતાં તેમનું કાર્ય પૂર્ણ થયું હતું. **ઈકો ઓફ હિઝ કોલ** દ્વારા, ઘણા લોકોએ તેમના જીવનોમાં અલૌકિક ચિહ્નો અને અજાયબીઓનો અનુભવ કર્યો હતો.

અમારી રાત્રિની પ્રાર્થનાઓએ અને સાંજની સભાઓ દ્વારા લોકો માટે અસંખ્ય આશીર્વાદ પ્રાપ્ત થયા હતા, અને મેં આ સભાઓને બીજા બધા કરતા વધુ પ્રાધાન્ય આપ્યું હતું. શરૂઆતમાં, જ્યારે માત્ર થોડા જ લોકો હાજર હતા, ત્યારે અમારી આસપાસના લોકો ઉદાસીન લાગતા હતા. જો કે, જેમ જેમ સંખ્યામાં વધારો થતો ગયો તેમ, અમારા એકીકૃત ગીતો અને પ્રાર્થનાઓ કેટલાક પડોશીઓ માટે અસ્વસ્થતાનું કારણ બની ગયા હતા, જેમણે તેને અનધિકૃત પ્રવેશ તરીકે જોયું હતું. કોઈ સમર્પિત ભક્તિસભાના સ્થળ વિના, અમે અમારી સભાઓને નજીકના દરિયા કિનારે આયોજિત કરી હતી.

જેમ જેમ હાજરી વધતી ગઈ અને વધુ જીવનો આશીર્વાદિત થતાં ગયાં, તેમ અમે નવા પડકારોનો સામનો કર્યો હતો. આ મુશ્કેલીઓ હોવા છતાં, અમને આ સભાઓ ચાલુ રાખવા માટે ફરજ પડી હતી એવું અમે અનુભવતા હતા, અને આનાથી મારા હૃદય પર ઈશ્વરના કાર્યમાં સતત રહેવાનો બોજ વધી ગયો હતો.

આ પડકારનો સામનો કરવા માટે, એક પ્રાર્થના ભાગીદારે અને મેં મધ્યરાત્રિ સુધી, ઘૂંટણિયે પડીને નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરવાનું શરૂ કર્યું. અમે પ્રભુને કોઈક રીતે દરમિયાનગીરી કરવા, મધ્યસ્થી કરવા વિનંતી કરી હતી. ઘણા દિવસો સુધી, તેમણે અમને મોટા, ભાડાના લગ્નના વિશાળ ખંડમાં આ સભાઓ આયોજિત કરવા માટે સક્ષમ બનાવ્યા હતા. ઈશ્વરે આ પ્રાર્થના સભાઓને સમર્પણ અને બલિદાન સાથે ચલાવવા માટે સામર્થ્ય અને પ્રતિબદ્ધતા પૂરા પાડ્યા હતા.

જવાબમાં, પ્રભુએ અમને અમારા પોતાના મકાન સાથે આશીર્વાદ આપ્યો હતો જ્યાં અમે કોઈની દયા વગર એકઠા થઈ શકીએ. શું આપણા ઈશ્વર અદ્ભૂત નથી? આ વિજય હાંસલ કરવામાં અમને ઘણા વર્ષો લાગ્યા હતા, અને દ્રઢતા સાથે ટકી રહીને અમારે ધીરજપૂર્વક રાહ જોવી પડી હતી.

વહાલા વાંચકો, ઈશ્વર હંમેશા તરત જ કાર્ય કરતા નથી. તેઓ પ્રાર્થનામાંની આપણી સહનશક્તિ અને ઉત્સાહી ભાવનાની કિંમત કરે છે. યોગ્ય સમયે, ઈશ્વર તમને ઊંચા કરશે. ત્યાં સુધી, તેમના સામર્થ્યવાન હાથ નીચે તમારી જાતને નમ્ર બનાવો. "**એ માટે દેવના સમર્થ હાથ નીચે તમે પોતાને નમાવો કે તે તમને યોગ્ય સમયે ઉચ્ચપદે મૂકે.**" ૧ પિતરનો પત્ર ૫:૬.

~~~~~~

(પાન ૬ પરથી આગળ...)

લાગણીઓને વધારે છે. સામાજિક અપેક્ષાઓ અને વ્યક્તિગત સંઘર્ષો વચ્ચેનો તફાવત વધુ પડતી લાગણીઓ તરફ દોરી લઈ જઈ શકે છે. જો કે, ઈસુ આપણા થાકેલા આત્માઓને ગહન સાજાપણું આપે છે અને પુનઃસ્થાપિત કરે છે.

### ઈશ્વરની હાજરીની ખાતરી!

ચિંતાના સમયોમાં, ઈશ્વર આપણને તેમની હાજરી શોધવા આમંત્રણ આપે છે. ગીતશાસ્ત્ર ૨૩:૪માં, દાઉદ જાહેર કરે છે, "**જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું, તોયે હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કેમ કે તું મારી સાથે છે.**" ઈશ્વરની હાજરીની આ ખાતરી આપણને યાદ અપાવે છે કે આપણે આપણા સંઘર્ષમાં ક્યારેય એકલા નથી હોતા.

વધુમાં, ૧ પિતરના પત્ર ૫:૭માં, આપણને આપણી સર્વ ચિંતા તેમના પર નાખી દેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, કેમ કે તેઓ તમારી સંભાળ રાખે છે. કોઈ બોજ તેમના માટે સહન કરવો ભારે નથી. આપણા ડરને અને ચિંતાઓને ઈશ્વરને સોંપીને, આપણે ગહન મુક્તિ અને તેમની શાંતિની પ્રેરણાનો અનુભવ કરીએ છીએ.

### ઈસુ દ્વારા સાજાપણું!

ઈસુ ભંગિત હૃદયના લોકોને સાજા કરવા અને પીડિતોને પુનઃસ્થાપિત કરવા આવ્યા હતા. નિરાશાની ક્ષણોમાં, આપણે આપણા સામર્થ્યના સ્રોત તરીકે તેમની તરફ ફરી શકીએ છીએ. યશાયા ૬૧:૧માં, પ્રબોધક જાહેર કરે છે, "**પ્રભુ યહોવાનો આત્મા મારા પર છે; કારણ કે દીનોને વધામણી કહેવા સારુ યહોવાએ મને અભિષિક્ત કર્યો છે; ભગ્ન હૃદયોવાળાને સાજા કરવા સારુ, બંદીવાનોને છુટકારાની તથા**
~~~~~~

**કેદીઓને કેદખાનું ઊઘડવાની ખબર પ્રસિદ્ધ કરવા સારુ''.**

આ વચનની ખાતરી ભાવનાત્મક, આત્મિક અને શારીરિક સાજાપણા સુધી વિસ્તરે છે. ખ્રિસ્ત તરફ દ્રષ્ટિ કરીને, આપણને એ જાણીને સાંત્વના મળે છે કે તેઓ આપણી પીડાને સમજે છે. તેઓ આપણને તેમના પગ આગળ આપણો બોજો મૂકવા આમંત્રણ આપે છે, બદલામાં પુનઃસ્થાપન અને આશા પ્રાપ્ત કરાવે છે.

## ઈસુ - શાંતિના અંતિમ સ્રોત!

જ્યારે આપણે જીવનની જટિલતાઓને દોરવણી પૂરી પાડતા ચલાવીએ છીએ, ત્યારે તે ઓળખવું જરૂરી છે કે ઈસુ શાંતિના અંતિમ સ્રોત છે. તેઓ અશાંતિ વચ્ચે માત્ર શાંતિ જ નહિ પણ સનાતન આશાનો પાયો પૂરો પાડે છે.

## રોજિંદા જીવનમાં શાંતિ અપનાવવી!

આ શાંતિનો અનુભવ કરવા માટે, આપણે પ્રાર્થના, શાસ્ત્ર અને સંગત દ્વારા ખ્રિસ્ત સાથેના સંબંધને કેળવવો જોઈએ. તે સત્યતા, આદરયુક્ત, ન્યાયી, શુદ્ધ, સુંદર અને પ્રશંસનીય બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આપણને પ્રોત્સાહિત કરે છે - **''જો કોઈ સદ્‌ગુણ કે જો કોઈ પ્રશંસા હોય.''** (ફિલિપ્પીઓને પત્ર ૪:૮). આ સદ્‌ગુણો પર આપણા મનોને કેન્દ્રિત કરીને, આપણે આપણા રોજિંદા જીવનોમાં ઈશ્વરની શાંતિને આવકારીએ છીએ.

ગલાતીઓને પત્ર ૫:૨૨-૨૩માં, પાઉલ પવિત્ર આત્માના ફળની વાત કરે છે, જેમાં શાંતિનો સમાવેશ થાય છે. જ્યારે આપણે આત્મામાં ચાલીએ છીએ અને ઈશ્વરને આધીન થઈએ છીએ, ત્યારે આપણે આપણી ક્રિયાપ્રતિક્રિયાઓ અને પસંદગીઓમાં સ્વાભાવિક રીતે આ શાંતિને મૂર્તિમંત કરીએ છીએ. શાંતિ એ માત્ર લાગણી જ નહિ પણ જીવન જીવવાની રીત બની જાય છે, જે બીજાઓ પ્રત્યેના આપણા પ્રેમ અને કરુણા દ્વારા વ્યક્ત થાય છે.

## શાંતિની ભેટ વહેંચવી!

જ્યારે આપણે ખ્રિસ્તની પરિવર્તનશીલ શાંતિનો અનુભવ કરીએ છીએ, ત્યારે આપણને તેને જગતની સાથે વહેંચવા માટે તેડવામાં આવે છે. વિભાજન અને અશાંતિ દ્વારા ચિહ્નિત થયેલ સમાજમાં, આપણી ખ્રિસ્તી સાક્ષી ઈસુમાં મળેલી આશાનું પ્રમાણપત્ર બની જાય છે. આ નાતાલમાં, આવો આપણે અન્ય લોકોને આપણી સાથે ઈશ્વરની શાંતિનો અનુભવ કરવા આમંત્રણ આપીએ.

## નિષ્કર્ષ - નાતાલની સાચી ભાવના!

નાતાલ એ માત્ર એક રજા કરતાં કંઈક વધુ છે; તે શાંતિ, આશા અને સાજાપણાના દૈવી સંદેશાનો સમાવિષ્ટ કરે છે. જ્યારે આપણે ઈસુના જન્મની ઉજવણી કરીએ છીએ, ત્યારે આપણને યાદ અપાવવામાં આવે છે કે સાચી શાંતિ તેમની સાથેના સંબંધમાં છે. પાપમાંથી આપણી આઝાદી, ભંગિતપણા વચ્ચે તેઓ જે આશા આપે છે, અને શાંતિના, સલાહ કરાવનારાઓ બનવાની તેમની હાકલ આ બધું આ મોસમના મહત્વ વિશેની આપણી સમજણને વધારે છે.

એવી દુનિયામાં જે ઘણીવાર અસ્તવ્યસ્ત અને વિભાજિત લાગે છે, ઈસુ આશા અને સમાધાનની દીવાદાંડી તરીકે ઊભા છે. તેમના પ્રેમ દ્વારા, આપણે પરમેશ્વરના હૃદયને પ્રતિબિંબિત કરીએ છીએ, મુશ્કેલીગ્રસ્ત જગત સાથે તેમની શાંતિ વહેંચીએ છીએ. આવો આપણે તેમની શાંતિને આપણને પરિવર્તન કરવાની મંજૂરી આપીને અને તે શાંતિને અન્ય લોકો સુધી પહોંચાડીને નાતાલની સાચી ભાવનાને સ્વીકારીએ.

પાઉલ પ્રેરિતના શબ્દોમાં, **''અને ખ્રિસ્તની શાંતિ કે જે પામવા સારુ તમે એક શરીર થવાને તેડાયેલા છો, તે તમારા હૃદયોમાં રાજ કરે; અને આભારસ્તુતિ કરો.''** (કલોસ્સીઓને પત્ર ૩:૧૫). આવો આ નાતાલ આપણને આ શાંતિની નજીક લાવો, જે ખ્રિસ્તમાં જડ ઘાલેલી છે, અને તેને જરૂરિયાતવાળા જગત સાથે વહેંચવા માટે સશક્ત કરો.

************

# તાકીદની જરૂરિયાત

**ઈકો ઓફ હીજ કોલ ઝડપી ગતિએ વિસ્તરી રહ્યું છે. અમને નીચેની જગ્યાઓ માટે મિશનના સેવાકાર્યના મનો સાથે, સમર્પિત અને વિશ્વાસુ પુરુષો અને મહિલા ઉમેદવારોની જરૂર છેઃ**

- ⇨ અમારા મુખ્ય ચર્ચ માટે પૂર્ણ સમયના સહાયક પાળકો
- ⇨ ચેન્નાઈમાંના અમારા શાખા ચર્ચો માટે પૂર્ણ સમયના સહાયક પાળકો
- ⇨ પૂર્ણ સમય માટે સુરક્ષા કર્મચારીઓ
- ⇨ ડીટીપી ઓપરેટર્સ અને ટાઇપિસ્ટ
- ⇨ અંગ્રેજી અને અન્ય ભાષાઓ બોલવામાં અને લખવામાં નિપુણતા ધરાવનાર
- ⇨ વહીવટમાં રસ ધરાવતા કાર્યાલયીન સંચાલકો, ઓફિસ મેનેજરો
- ⇨ પૂર્ણ સમય માટે બાઇબલ કોલેજ વ્યાખ્યાતાઓ
- ⇨ સ્વયંસેવકો કે જેઓ અમારા સેવાકાર્યને પ્રોત્સાહન આપી શકે છે
- ⇨ પૂર્ણ સમય માટે વાહન ચાલકો
- ⇨ મેટ્રિક્યુલેશન શાળા માટે આચાર્ય અને શિક્ષકો
- ⇨ પૂર્ણ સમય માટે રસોઈયો (સ્ત્રી)
- ⇨ સંપૂર્ણ સમય માટે હાઉસકીપિંગ કર્મચારીઓ

**લાયકાત અને અનુભવના આધારે પગાર**

**ઈકો ઓફ હીજ કોલ ઓફીસ અરજી કરશો**
**વોટ્સએપ નંબર : 98412 71858**
**ઈમેલ : sam@echoofhiscall.org**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

**યુટ્યુબ**

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### 1. Bank : State Bank of India

Branch : Triplicane, Chennai-5
Name : S. Sam Selva Raj
A/C No. : 1023 2934 679
IFSC : SBIN 00 00 249
SWIFT CODE : SBI NIN BB 455

### 2. Bank : ICICI Bank

Branch : Anna Salai, Chennai-6
Name : Echo of His Call
A/C No. : 6038 0502 2319
IFSC : ICIC 000 6038

### 3. Bank : State Bank of India

(This Account is for Tax Exemption for Indians only )

Branch : Triplicane, Chennai-5
Name : Echo of His Call Educational Trust
A/C No. : 1023 2923 805
IFSC : SBIN 00 00 249

Google Pay: 98410 71858
PayPal : SAM SELVA RAJ

*****

E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th DECEMBER 2024

If un-delivered please return to:

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

**JESUS LOVES YOU!**

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**